ટીમ	મેચ	જીત	હાર	રદ	પોઇન્ટ	નેટ રન
RCB	11	7	4	0	14	1.103
SRH	11	7	4	0	14	0.737
GT	11	7	4	0	14	0.228
PBKS	11	6	4	1	13	0.428
CSK	11	6	5	0	12	0.185
RR	11	6	5	0	12	0.082
DC	12	5	7	0	10	-0.993
KKR	10	4	5	1	9	-0.169
MI	11	3	8	0	6	-0.585
LSG	11	3	8	0	6	-0.907

ગુજરાતે હૈદરાબાદ સામે મૂક્યો 169 રનનો લક્ષ્યાંક

ટાઈટન્સની નબળી શરૂઆત બાદ સાઈ સુદર્શન અને વોશિંગ્ટને ટીમને મુશ્કેલમાંથી ઉગારી

અમદાવાદ, તા. 12 (પીટીઆઈ): અમદાવાદમાં મંગળવારે રમાયેલી ઈન્ડિયન પ્રીમિયર લીગની મેચમાં સાઈ સુદર્શન અને વોશિંગ્ટન સુંદરે અડધી સદી ફટકારીને ગુજરાત ટાઈટન્સને સનરાઈઝર્સ હૈદરાબાદ સામે 5 વિકેટે 168 રનના સ્કોર સુધી પહોંચાડ્યું હતું.

સુદર્શને 44 બોલમાં 5 ચોગ્ગા અને 2 છગ્ગાની મદદથી 61 રનની મહત્વપૂર્ણ ઈનિંગ રમી હતી. બીજી તરફ વોશિંગ્ટન સુંદરે 33 બોલમાં 7 ચોગ્ગા અને 1 છગ્ગા સાથે 50 રન બનાવીને અંતિમ ઓવરોમાં ઉપયોગી રન ઉમેર્યા હતા. હૈદરાબાદ તરફથી પ્રફુલ હિંગેએ 17 રનમાં 2 વિકેટ ઝડપી હતી, જ્યારે પેટ કમિન્સે 20 રન આપીને 1 વિકેટ લીધી હતી.

ટાઈટન્સની શરૂઆત નબળી રહી હતી અને પાવરપ્લેના અંતે સ્કોર 34 રનમાં 2 વિકેટ હતો. કેપ્ટન શુભમન ગિલ માત્ર 5 રન બનાવી આઉટ થયો હતો, જ્યારે જોસ બટલર 7 રન બનાવી પેવેલિયન ભેગો થયો હતો. નિશાંત સિંધુએ 14 બોલમાં 22 રન ફટકારી વળતો પ્રહાર કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કમિન્સનો શિકાર બન્યો હતો.

આ મુશ્કેલ સ્થિતિમાં સુદર્શન અને વોશિંગ્ટને ચોથી વિકેટ માટે 60 રનની ભાગીદારી કરી ટીમને ઉગારી હતી. બંને બેટ્સમેનોએ ધીરજપૂર્વક રમીને ખરાબ બોલ પર ચોગ્ગા ફટકાર્યા હતા. અંતમાં સાકિબ હુસૈને 37 રનમાં 2 વિકેટ ઝડપીને આ બંને સેટ બેટ્સમેનોને આઉટ કર્યા હતા. હૈદરાબાદના બોલરોએ શિસ્તબદ્ધ બોલિંગ કરીને યજમાન ટીમના બેટ્સમેનો પર દબાણ જાળવી રાખ્યું હતું.

ગુજરાત ટાઈટન્સ	રન	બોલ	4	6
સુદર્શન કો હિંગે બો સાકિબ	61	44	5	2
ગિલ કો ક્લાસેન બો હિંગે	5	7	1	0
બટલર કો ઈશાન બો હિંગે	7	11	1	0
નિશાંત કો ક્લાસેન બો કમિન્સ	22	14	3	1
વોશિંગ્ટન કો ઈશાન બો સાકિબ	50	33	7	1
હોલ્ડર અણનમ	11	10	0	0
તેવટિયા અણનમ	4	1	1	0
વધારાના	8			
કુલ 20 ઓવરમાં 5 વિકેટે	168 રન			

વિકેટ પતન: 1-15, 2-26, 3-64, 4-124, 5-164

બોલિંગ	O	M	R	W
પેટ કમિન્સ	4	0	20	1
નીતિશ રેડ્ડી	3	0	27	0
પ્રફુલ હિંગે	3	0	17	2
એશાન મલિંગા	4	0	46	0
સાકિબ હુસૈન	4	0	37	2
શિવાંગ કુમાર	2	0	19	0

પાકિસ્તાનનો બાંગ્લાદેશમાં પ્રથમ ટેસ્ટ પરાજય

છેલ્લા દિવસે બાંગ્લાદેશના 268 રનના લક્ષ્યાંક સામે પાકિસ્તાની ટીમ 163માં ઓલઆઉટ થઈ

નાહિદ રાણાએ 5 વિકેટ ઝડપી



ઢાકા (બાંગ્લાદેશ), તા. 12 (એપી): ઢાકાના શેર-એ-બાંગ્લા સ્ટેડિયમમાં રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં બાંગ્લાદેશે પાકિસ્તાનને 104 રનથી હરાવીને ઈતિહાસ રચી દીધો છે. પાકિસ્તાન વિરુદ્ધ બાંગ્લાદેશની આ તેમના જ દેશમાં પ્રથમ ટેસ્ટ જીત છે. 268 રનના લક્ષ્યાંકનો પીછો કરતા પાકિસ્તાનની ટીમ છેલ્લા દિવસે 163 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. બાંગ્લાદેશના ફાસ્ટ બોલર નાહિદ રાણાએ તરખાટ મચાવતા 40 રન આપીને 5 વિકેટ ઝડપી હતી, જે તેના કારકિર્દીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે. નાહિદ રાણાએ ચા પછીના એટલે કે છેલ્લા સત્રમાં માત્ર 18 બોલમાં સઉદ શકીલ, મોહમ્મદ રિઝવાન અને નોમાન અલીને આઉટ કરીને પાકિસ્તાનની કમર તોડી નાખી હતી.

મેચના પાંચમા દિવસે બાંગ્લાદેશે તેની બીજી ઈનિંગ 240-9 પર ડિક્લેર કરી હતી, જેમાં કેપ્ટન નજમુલ હોસેન શાંતોએ શાનદાર 87 રન બનાવ્યા હતા. પાકિસ્તાન તરફથી ડેબ્યુટન્ટ અબ્દુલ્લા ફઝલે 66 રન બનાવી સંઘર્ષ કર્યો હતો, પરંતુ અન્ય બેટ્સમેનો ટકી શક્યા ન હતા. તસ્કીન અહેમદે 2 અને તાઈજુલ ઈસ્લામે 1 વિકેટ ઝડપી હતી. પ્રથમ ઈનિંગમાં બાંગ્લાદેશે 413 રન બનાવ્યા હતા અને મહેદી હસનની 5 વિકેટની મદદથી 27 રનની લીડ મેળવી હતી. હવે બંને ટીમો વચ્ચે બીજી ટેસ્ટ શનિવારથી સિલ્હટમાં રમાશે.

આ જીત સાથે બાંગ્લાદેશને વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના મહત્વના 12 પોઈન્ટ્સ મળ્યા છે અને તે છઠ્ઠા સ્થાને પહોંચ્યુ છે જ્યારે પાકિસ્તાન 7મા સ્થાને ધકેલાઈ ગયું છે. ભારત પોઈન્ટ ટેબલમાં પાંચમા સ્થાને છે.

પ્લેઓફની રેસમાં ટકી રહેવા બેંગલુરુ અને કોલકાતા વચ્ચે મુકાબલો

બેંગલુરુ માટે કેપ્ટન રજત પાટીદારનું ફોર્મ ચિંતાનો વિષય

મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ પર જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ જિયો હોટસ્ટાર પર સાંજે 7.30 વાગ્યાથી

રાયપુર, તા. 12 (પીટીઆઈ): રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ આઈપીએલ પ્લેઓફમાં પોતાનું સ્થાન મજબૂત કરવા માટે બુધવારે અહીં કોલકાતા નાઈટ રાઈડર્સના ફોર્મમાં રહેલા બોલિંગ આક્રમણ સામે બેટિંગમાં નોંધપાત્ર સુધારો કરવો પડશે.

હાલમાં બેંગલુરુ 14 પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં ટોચ પર છે, પરંતુ હૈદરાબાદ અને ગુજરાત વચ્ચેની મેચ બાદ તેઓ આ સ્થાન ગુમાવી શકે છે. બેંગલુરુના બેટ્સમેનો મુંબઈ સામેના 167 રનના લક્ષ્યાંકનો પીછો કરતી વખતે સંઘર્ષ કરતા જોવા મળ્યા હતા, જ્યાં કૃણાલ પંડ્યાની અડધી સદી અને ભુવનેશ્વર કુમારના છેલ્લા ઓવરના છગ્ગાની મદદથી તેઓ માંડ જીત્યા હતા.

બેંગલુરુ માટે કેપ્ટન રજત પાટીદારનું ફોર્મ ચિંતાનો વિષય છે, જેણે છેલ્લી 6 ઈનિંગ્સમાં માત્ર એક જ વાર 50થી વધુ રન બનાવ્યા છે. દેવદત્ત પડિક્કલ અને ટિમ ડેવિડના યોગદાનથી ટીમ અત્યાર સુધી ટકી રહી છે, પરંતુ હવે તેમનો સામનો સુનિલ નરીન અને વરુણ ચક્રવર્તી જેવા રહસ્યમય સ્પિનરો સાથે છે. કોલકાતાની ટીમે છેલ્લી ચાર મેચોમાં સતત જીત મેળવી છે, જેના કારણે તેમનો આત્મવિશ્વાસ વધ્યો છે. કાર્તિક ત્યાગી અને વૈભવ અરોરા જેવા સ્થાનિક બોલરોએ પણ તેમને સારો સાથ આપ્યો છે.

નવી માતાઓને રમતગમતમાં પ્રોત્સાહન મળે છે, પરંતુ WFI વિનેશને રોકે છે: સાક્ષી મલિક

નવી દિલ્હી, તા. 12 (પીટીઆઈ): ઓલિમ્પિક મેડલ વિજેતા સાક્ષી મલિકે વિનેશ ફોગાટના કુસ્તીમાં પુનરાગમનનું સમર્થન કરતા રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (WFI)ની ટીકા કરી છે. સાક્ષીએ કહ્યું કે જ્યારે વિશ્વભરના દેશો માતા બન્યા પછી મહિલા ખેલાડીઓને તેમની કારકિર્દી ફરી શરૂ કરવા માટે નિયમોમાં છૂટછાટ આપી રહ્યા છે, ત્યારે ભારતીય ફેડરેશન વિનેશને રોકવા માટે નવા અવરોધો ઉભા કરી રહ્યું છે. વિનેશ, જે 10 મહિનાના પુત્રની માતા છે, તેને WFIએ નિવૃત્તિમાંથી પરત ફરવાના 6 મહિનાના નોટિસ પિરિયડના નિયમ હેઠળ અપાત્ર જાહેર કરી છે. સાક્ષી મલિકે વડા પ્રધાન અને રમતગમત મંત્રીને વિનંતી કરી છે કે વિનેશની ટ્રાયલ લેવામાં આવે જેથી તે દેશ માટે મેડલ જીતી શકે અને અન્ય મહિલાઓ માટે ઉદાહરણ બની શકે. પેરિસ ઓલિમ્પિક 2024માં ગેરલાયક ઠર્યા બાદ વિનેશે કુસ્તી છોડી રાજકારણમાં પ્રવેશ કર્યો હતો અને હવે તે જુલાનાથી ધારાસભ્ય છે.

થાઈલેન્ડ ઓપન: સાત્વિક-ચિરાગની જોડીની જીત સાથે શરૂઆત

ભારતીય જોડીએ ઈન્ડોનેશિયાની જોડીને 21-19, 21-23, 21-10થી હરાવી



બેંગકોક, તા. 12 (પીટીઆઈ): ભારતની સ્ટાર બેડમિન્ટન જોડી સાત્વિકસાઈરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીએ મંગળવારે થાઈલેન્ડ ઓપન સુપર-500 ટુર્નામેન્ટમાં વિજયી પ્રારંભ કર્યો છે.

ટોપ સીડ ધરાવતી વિશ્વની 4 નંબરની આ જોડીએ ઈન્ડોનેશિયાના મુહ પુત્રા એરવિયાંશ અને બાગાસ મૌલાનાને 64 મિનિટ સુધી ચાલેલા રોમાંચક મુકાબલામાં 21-19, 21-23, 21-10થી હરાવ્યા હતા. પ્રથમ ગેમમાં પાછળ રહ્યા બાદ ભારતીય જોડીએ મજબૂત વાપસી કરી હતી, જ્યારે બીજી ગેમમાં હાર મળ્યા પછી ત્રીજી ગેમમાં 21-10ના સ્કોર સાથે એકતરફી જીત મેળવી હતી. હવે તેમનો સામનો મલેશિયાની જોડી સામે થશે. અન્ય મેચોમાં ભારત માટે દિવસ મિક્ષ રહ્યો હતો. ક્વોલિફાઈંગ મેચમાં ભારતના માનવ ચૌધરીને મલેશિયાના લી ઝી જિયા સામે 21-19, 21-18થી હારનો સામનો કરવો પડ્યો હતો. મિક્સ ડબલ અને મહિલા સિંગલ્સ ક્વોલિફિકેશનમાં પણ ભારતીય ખેલાડીઓ પોતપોતાની મેચો હારીને ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયા છે.

ટી-20 ટીમનો માલિક બન્યો રાહુલ દ્રવિડ

યુરોપિયન T20 પ્રીમિયર લીગ (ETPL)માં ડબલિન ગાર્ડિયન્સ ટીમનો કેપ્ટન આર અશ્વિન રહેશે

દ્રવિડ ટીમના ક્રિકેટ સંબંધી નિર્ણયોમાં દખલગીરી નહીં કરે

નવી દિલ્હી, તા. 12 (પીટીઆઈ): ભારતીય ક્રિકેટનો દિગ્ગજ ખેલાડી રાહુલ દ્રવિડ હવે એક નવી ભૂમિકામાં જોવા મળશે. તે આગામી યુરોપિયન T20 પ્રીમિયર લીગ (ETPL)માં 'ડબલિન ગાર્ડિયન્સ' ટીમનો માલિક બન્યો છે.

આ લીગ આયર્લેન્ડ, સ્કોટલેન્ડ અને નેધરલેન્ડ્સમાં ક્રિકેટના વિકાસ માટે શરૂ કરવામાં આવી છે, જેની પ્રથમ સીઝન 26 ઓગસ્ટથી 20 સપ્ટેમ્બર વચ્ચે રમાશે. રાહુલ દ્રવિડની ટીમ માટે સૌથી મોટા સમાચાર એ છે કે ભારતીય સ્ટાર ઓફ-સ્પિનર આર અશ્વિન આ ટીમના કેપ્ટન અને મેન્ટર તરીકે જવાબદારી સંભાળશે.

રાહુલ દ્રવિડે સ્પષ્ટ કર્યું છે કે એક માલિક તરીકે તે ટીમના ક્રિકેટ સંબંધી નિર્ણયોમાં દખલગીરી નહીં કરે. તેનું માનવું છે કે અશ્વિન જેવા અનુભવી ખેલાડીને નિર્ણયો લેવા માટે સંપૂર્ણ સ્વતંત્રતા મળવી જોઈએ. દ્રવિડે જણાવ્યું કે તે ડગઆઉટમાં કે દરેક પ્રેક્ટિસ સેશનમાં હાજર નહીં રહે, પરંતુ ફ્રેન્ચાઈઝી લેવલ પર ઓફ-ફિલ્ડ કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરશે.

આ લીગમાં અભિષેક બચ્ચન જેવા બોલીવુડ કલાકારો પણ સહ-સ્થાપક તરીકે જોડાયેલા છે. દ્રવિડ આ નવા પડકાર માટે ઉત્સાહિત છે અને માને છે કે યુરોપમાં ક્રિકેટની પાયાની સંસ્કૃતિ અને ઈતિહાસ ઘણો સમૃદ્ધ છે, જે આ લીગને સફળ બનાવવામાં મદદ કરશે.

ટી-20 વર્લ્ડકપ માટે દ. આફ્રિકાની શબનિમ ઈસ્માઈલે નિવૃત્તિ પાછી ખેંચી

દ. આફ્રિકાએ જાહેર કરેલી ટીમમાં શબનિમને સામેલ કરાઈ

શબનિમની વાપસીથી દક્ષિણ આફ્રિકાનું બોલિંગ આક્રમણ વધુ મજબૂત બન્યું

જ્હોનિસબર્ગ, તા. 12 (પીટીઆઈ): દક્ષિણ આફ્રિકાની અનુભવી ફાસ્ટ બોલર શબનિમ ઈસ્માઈલે આંતરરાષ્ટ્રીય નિવૃત્તિ પાછી ખેંચી લીધી છે. આગામી 12 જૂનથી 5 જુલાઈ દરમિયાન ઈંગ્લેન્ડમાં રમાનારા મહિલા ટી20 વર્લ્ડકપ 2026 માટે જાહેર કરાયેલી 15 સભ્યોની ટીમમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

37 વર્ષીય ઈસ્માઈલે છેલ્લે ફેબ્રુઆરી 2023માં વર્લ્ડકપ ફાઈનલમાં દેશનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેણે 113 ટી-20 મેચો અને 123 વિકેટ લીધી છે જે દ. આફ્રિકા માટે એક રેકોર્ડ છે આ સાથે તે ટીમમાં બહોળો અનુભવ લાવશે.લૌરા વોલ્વાર્ડના નેતૃત્વવાળી આ ટીમમાં મેરિઝાન કેપ અને ડેન વેન નિકેર્ક પણ ઈજા અને બીમારીમાંથી સાજા થઈને પરત ફર્યા છે. વિકેટકીપર-બેટ્સમેન કારાબો મેસો પણ કાંડાની ઈજામાંથી સાજી થઈને પરત ફરી છે, તે વિકેટકીપિંગ વિભાગમાં સિનાલો જાફ્તા સાથે જોડાશે.

તાજેતરમાં ભારત સામેની સિરીઝમાં 4-1થી વિજય મેળવ્યા બાદ દક્ષિણ આફ્રિકાનો આત્મવિશ્વાસ વધ્યો છે. ટીમમાં યુવા ખેલાડી કાયલા રેનેકે પણ સામેલ કરાઈ છે, જેણે ગત સીઝનમાં 53ની સરેરાશથી બેટિંગ કરી હતી. છેલ્લી ત્રણ આઈસીસી (ICC) ટુર્નામેન્ટની ફાઈનલમાં પહોંચ્યા બાદ, દક્ષિણ આફ્રિકા તેના ટી20 વર્લ્ડ કપ અભિયાનની શરૂઆત ગ્રુપ-1માં 13 જૂને માન્ચેસ્ટર ખાતે ઓસ્ટ્રેલિયા સામે કરશે.

ટીમની અન્ય ખેલાડીઓમાં તઝમિન બ્રિટ્સ, સુને લુસ, એનેરી ડેર્કસેન, નાદિન ડી ક્લર્ક, ક્લો ટ્રાયોન, અયાબોંગા ખાકા, ટુમી સેખુખુને અને નોનકુલુલેકો મલાબા સામેલ છે.

સુડોકુ - 'કૃતિ' ૬૫૨૧

			૧	૬		૩		૯
				૭		૫	૬	૪
	૪		૫		૨			
૪		૨			૬		૯	૩
૩		૯	૨	૫	૧	૬		૭
		૭	૯	૪	૩	૨	૫	
		૬		૨				૫
	૧			૩	૫	૯		૨
૫	૨	૮		૧	૯	૭	૩	૬

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૧૨૫૬-૭૬૬૧ ક્રિઝ્રિ

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

લસિકા ગ્રંથિનો સોજો

ગળું, બગલ કે સાથળ ના મૂળમાં આવેલી ગ્રંથિ મા આ ફેરફાર વધુ જણાય છે. કાંચનાર ગૂગલની બે, બે ગોળી દિવસ મા ત્રણ વાર લેવી. ઉપરાંત ભિલામો, હીરાકસી, ચિત્રક મૂળ અને આકડાનું દૂધ સમાન ભાગે લઈ, વાટી લેપ કરવાથી ફૂટી જાય છે. વૈદ્યશ્રીની દેખરેખ હેઠળ પ્રયાસ કરવો.

શબ્દગુંફન - ૭૨૧૯

અરવિંદ એસ. મારૂ

આડી ચાવી

૧. માળી (૪)
૪. ખેલ (૩)
૭. પાણી પીવાની ઇચ્છા (૩)
૯. યોગ્યતા (૩)
૧૦. એક કંદમૂળ (૩)
૧૨. પોશાક, રૂપ, શણગાર (૨)
૧૩. પાણી (૨)
૧૪. લેખ, દસ્તાવેજ (૨)
૧૫. પૈસાદાર (૨)
૧૬. એક ગ્રહ (૨)
૧૮. શહેર (૩)
૨૦. શંકા, વહેમ (૨)
૨૧. આંખ (૩)
૨૪. તેજ, ભપકો (૩)
૨૫. નાશ પામેલું (૨)
૨૬. સહેજ (૨)
૨૭. સંત કે વૃદ્ધને કરાતું સંબોધન (૨)
૨૮. મોજું, તરંગ (૩)
૩૦. મેળાપ (૩)
૩૧. રૂપાનું (૩)
૩૩. પગારદાર (૫)
૩૫. ધારો, પ્રથા (૩)
૩૬. દુનિયા (૩)

ઊભી ચાવી

૨. ખપ, જરૂર (૩)
૩. નમેલું (૨)
૪. ફળો વગેરેનું પ્રવાહી (૨)
૫. શોધ, તપાસ (૩)
૬. ચર્ચા, ઊહાપોહ (૪)
૮. સુંદર સ્ત્રી (૨)
૧૦. દૂધ દેતુ એક ચોપગું પ્રાણી (૨)
૧૧. રાત્રિ (૩)
૧૨. પગાર (૩)
૧૫. તૃપ્ત, ધરાયેલું (૨)
૧૬. એક શિકારી પક્ષ (૫)
૧૭. રાજા (૨)
૧૯. સાંકડી શેરી (૨)
૨૧. અનુકરણ (૩)
૨૩. કારીગરી, યુક્તિ (૪)
૨૬. દુનિયા (૨)
૨૭. પખવાડિયાની બારમી તિથિ (૩)
૨૯. હળદરનો લોટ (૩)
૩૦. સંયોગ, સંજોગ (૩)
૩૨. હોડી (૨)
૩૪. પોતાનું (૨)



૭૧૨૮ - ૫૬૬૧ મ્ક્રિઓઅ

આજનું પંચાંગ

તા.13/05/2026, બુધવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** વૈશાખ
તિથિ: વદ : અગિયારસ : 13:31
અયન : ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
રાષ્ટ્રિય દિનાંક : વૈશાખ: 23
યોગ : વિષ્કુંભ, **કરણ:** કૌવલ
નક્ષત્ર : ઊ. ભા. : 24:18
રાશિ: મીન (દ.ચ.ઝ.થ.)
દિવસ : શુભ
સુરતમાં સૂર્યોદય : 06:04
સુરતમાં સૂર્યાસ્ત : 19:07
નવકારસી : 06:52
પારસી વર્ષ : 1395 દએ માસનો બીજો રોજ
મુસલમાન વર્ષ : 1447 જિલ્હાદ માસનો 25મો રોજ
દિવસનાં ચોઘડિયાં: લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
રાત્રિનાં ચોઘડિયાં: ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
રાહુ કાળ : બપોરે : 12:00 થી 13:30 સુધી

મેષ (અ,લ,ઇ,): અંગત જીવનમાં અશાંતિ પેદા થાય. મોજ શોખ પર કાબુ રાખવો. આણગમતા સમાચાર મળે.
વૃષભ (બ,વ,ઉ,): ઇર્ષાળુ મિત્રોથી સાવધાન. પ્રેમમાં ગેરસમજ થાય. અભ્યાસમાં મદદ મળે. શેરબજારમાં તક મળે.
મિથુન (ક,છ,ઘ,): મહત્ત્વના ફેરફારથી અનુકુળતા વધશે. સમાજમાં માન મળે. ધંધા વેપારમાં પ્રગતિ થાય.
કર્ક (ડ,હ,): કાયદા કાનુન બાબતે સાવધાની રાખવી. નવી ટીમ સામે કામ કરવાથી નવુ શિખવા મળે.
સિંહ (મ,ટ,): આંખ પેટની સમસ્યા સતાવે.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

ચોર-લૂંટારુથી સાવધાન. અધ્યાત્મિક શાંતિ મળે. મન પર ભાર રહે.
કન્યા (પ,ઠ,ણ,): ભાગીદારીમાં તાલમેળ ઓછો રહે. નોકરીમાં કાર્યબોજ વધે. સમાજમાં અશાંતિ વધશે.
તુલા (ર,ત,): હરીફોથી સાવધાન. નોકર ચાકરથી નુકસાન થઇ શકે છે. માતાના આરોગ્યમાં ખર્ચા વધશે.
વૃશ્ચિક (ન,ય,): સંતાનોની ચિંતા સતાવે. જીવનસાથી સાથે વિવાદ ટાળવો. ઘરમાં અશાંતિ રહે. નવા કામ મળે.
ધન (ભ,ધ,ફ,ઢ,): નવા ઘર, વાહન, મકાન બાબતે પ્રગતિ થાય. નોકરી-ધંધામાં નવા ફેરફારથી દોડધામ વધશે.
મકર (ખ,જ,): મન અશાંત રહે. નવા કામમાં બોજ સતાવે. દલાલીના કામ થાય. મિત્રો સાથે મનોરંજન થાય.
કુંભ (ગ,સ,શ,ષ,): ખાણી-પીણી, મોજશોખ, દલાલી , ટ્યુશન જેવા ધંધામાં આવક વધશે. ઘરમાં અશાંતિ રહે.
મીન (દ,ચ,ઝ,થ,): સમાજમાં માન વધે. નોકરીમાં જવાબદારી વધે. ઘરમાં અશાંતિ વધે. રોજની આવક વધે.

કોઈ પણ સાલમાં 13 મે એ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરી ધંધા-વ્યવસાયમાં ટેકનોલોજીનો લાભ મળે. નવા ફેરફારથી નવું શિખવા મળે. સમાજમાં યસ મળે. આર્થિક પ્રગતિ થાય. ઉઘરાણી આવે. નવા રોકાણ થાય. નવા ઘર મકાન, મકાનની યોજના પાર પડે. આરોગ્ય સામાન્ય રહે. ઉમરલાયકને યોગ્ય પાત્ર મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. વિદેશનાં કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. નવા વેપાર-ધંધામાં વડીલોની મદદ મળે. વારસા, જાયદાત, જમીન જેવા કામમાં પ્રગતિ થાય. મિત્રોની મદદ. આવક વધારવાની યોજનામાં મળે. યાત્રા પ્રવાસ ધર્મ કર્મથી શાંતિ મળે. જુન જુલાઇ રવિ-સોમ-બુધવાર 04, 13, 22, 31 તારીખે નવા કામ કરવા નીલા રંગનો ઉપયોગ કરતા રહેવું. નવેમ્બર-ડિસેમ્બર શનિ-શુક્રવાર, 07, 16, 25 તારીખે નવા કામ ટાળવા. સફેદ રંગનો ઉપયોગ ઓછો કરવો. રાહુના ઉપાય કરતા રહેવું.

અનુસંધાન ... પાના પહેલાનું

ખાદ્ય ચીજવસ્તુઓ...

પાંચ વર્ષ માટે તેનું રિટેલ ફુગાવાનો લક્ષ્યાંક 4 ટકા જાળવી રાખ્યો છે. એક સર્વેમાં રિટેલ ફુગાવો 3.8 ટકા સુધી જવાનો અંદાજ હતો, તેથી હાલનો 3.48 ટકાનો આંકડો અંદાજ કરતાં ઘણો સારો છે. જો કે, મધ્ય પૂર્વમાં ભૌગોલિક રાજકીય તણાવને કારણે ભાવિ ઊર્જા અને ખોરાકના ખર્ચમાં વધારાના જોખમ પર આગામી નાણાકીય નીતિમાં રિઝર્વ બેંક દ્વારા નજીકથી નજર રાખવામાં આવશે.

AIADMKમાં ભડકો...

જો કે, AIADMK નેતૃત્વએ આ આરોપોને અફવા ગણાવીને ફગાવી દીધા છે અને બળવાખોર નેતાઓ પર પોતાના જિલ્લામાં જીત મેળવવામાં નિષ્ફળ રહ્યા બાદ જૂઠાણાનું પોટલું ખોલવાનો આરોપ લગાવ્યો છે. પક્ષે 'X' પર એક પોસ્ટમાં એવો પણ આક્ષેપ કર્યો હતો કે વેલુમણી, શણમુગમ અને સી. વિજયભાસ્કર પોતે TVK સરકારમાં મંત્રી પદ શોધી રહ્યા છે. પક્ષે ભારપૂર્વક જણાવ્યું હતું કે ગઠબંધનના નિર્ણયો મુઠ્ઠીભર ધારાસભ્યો દ્વારા લઈ શકાય નહીં અને પક્ષના કાર્યકરો પલાનીસ્વામીની પાછળ મજબૂતીથી ઉભા છે.

નાસિકમાંથી...

દરમિયાન, રાજસ્થાન પોલીસની વિનંતી પર નાશિક પોલીસની ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૨ દ્વારા જિલ્લાના નાંદગાંવના રહેવાસી શુભમ ખેરનાર (૩૦)ની અટકાયત કરવામાં આવી હતી. ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ કિરણકુમાર ચૌહાણે જણાવ્યું હતું કે, તેની શહેરના ઈન્દિરાનગર વિસ્તારમાંથી ધરપકડ કરવામાં આવી હતી. બાદમાં તેને સીબીઆઇને સોંપી દેવાયો હતો.

પરીક્ષા થઇ...

અને સંપૂર્ણ સુરક્ષા પ્રોટોકોલ હેઠળ લેવામાં આવી હતી. એજન્સીના જણાવ્યા અનુસાર, કથિત ગેરરીતિ અંગેના ઇનપુટ્સ પરીક્ષાના ચાર દિવસ પછી 7 મેની સાંજે મળ્યા હતા અને 8 મેની સવારે સ્વતંત્ર ચકાસણી અને જરૂરી કાર્યવાહી માટે કેન્દ્રીય એજન્સીઓને મોકલવામાં આવ્યા હતા. રાજસ્થાન પોલીસના SOG ના એડિશનલ ડાયરેક્ટર જનરલ (ADG) વિશાલ બંસલે સોમવારે જણાવ્યું હતું કે તપાસ હાલમાં એક ગેસ પેપર(અટકળ પેપર) પર કેન્દ્રિત છે જે કથિત રીતે પરીક્ષા પહેલા વિદ્યાર્થીઓમાં ફેલાવવામાં આવ્યું હતું. બંસલે જણાવ્યું હતું કે, NEET પરીક્ષાને લઈને ચાલી રહેલી વિવિધ ગેરસમજો અંગે, હું એક ચોક્કસ મુદ્દો સ્પષ્ટ કરું: એક ગેસ પેપર છે જેમાં અંદાજે 410 પ્રશ્નો છે. એવો આક્ષેપ છે કે તેમાંથી અંદાજે 120 પ્રશ્નો કેમિસ્ટ્રીમાં પૂછાયા હતા. જો કે પરીક્ષામાં કેમિસ્ટ્રીના પેપરમાં 45 પ્રશ્નો હોય છે, પરંતુ પરીક્ષામાં પ્રશ્નપત્રોના ચાર સેટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું, અહેવાલ છે કે આ ગેસ પેપર વિદ્યાર્થીઓમાં ઘણા સમય પહેલા ફરતું થઈ ગયું હતું; તે વાસ્તવિક પરીક્ષાના 15 દિવસથી એક મહિના પહેલા જ તેમની પાસે પહોંચવાનું શરૂ થઈ ગયું હતું. અમે ગેસ પેપરના આધારે તપાસ કરી રહ્યા છીએ અને તે ઓપન ડોમેનમાં પણ ઉપલબ્ધ છે.

તમારી પ્રતિષ્ઠા...

હુમલાઓનો ચોક્કસ, લક્ષિત અને માપદંડ મુજબનો જવાબ હતો, જ